# આત્મનિર્ભર ભારત


## ભાગ-5: સરકારી સુધારા અને તમામ સ્તરે વિકાસ માટેના પગલાં

सत्यमेव जयते

Gov ernment Of India

17.05.2020




05-05-2020

# અત્યાર સુધી કોવિડ નિયંત્રણ માટે સ્વાસ્થ્ય ક્ષેત્ર સાથે સંબંધિત લેવામાં આવેલા પગલાં

અત્યાર સુધી રૂ. 15,000 કરોડની જાહેરાતો થઈ

- રાજ્યોને આપેલી રકમ – રૂ. 4113 કરોડ
- આવશ્યક ચીજવસ્તુઓ – રૂ. 3750 કરોડ
- પરીક્ષણ માટે પ્રયોગશાળાઓ અને કિટ્સ – રૂ. 550 કરોડ
- પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત સ્વાસ્થ્ય વ્યવસાય સાથે સંબંધિત દરેક વ્યક્તિ માટે રૂ. 50 લાખનું વીમાકવચ

આઇટીનો ઉપયોગ –

- ઇ-સંજીવની ટેલી-કન્સલ્ટેશન સેવાઓ શરૂ કરી
- ક્ષમતા નિર્માણ: વર્ચ્યુઅલ લર્નિંગ મોડ્યુલ – આઇગોટ પ્લેટફોર્મ
- આરોગ્ય સેતુ: સ્વમૂલ્યાંકન અને સંપર્કનું ટ્રેસિંગ

આરોગ્ય કાર્યકર્તાઓને વીમાકવચ –

- મહામારી રોગ ધારામાં સુધારો કર્યો
- પીપીઇ માટેની પર્યાપ્ત જોગવાઈ કરી–
    - મહામારી અગાઉ એક પણ સ્થાનિક ઉત્પાદક પીપીઇ કિટનું ઉત્પાદન કરતાં નહોતા, અત્યારે 300થી વધારે સ્થાનિક ઉત્પાદકો પીપીઇ કિટનું ઉત્પાદન કરે છે
    - અત્યાર સુધી 51 લાખ પીપીઇ, 87 લાખ એન95 માસ્ક, 11.08 કરોડ એચસીક્યુ ટેબ્લેટ પૂરી પાડી



# વેપારવાણિજ્યની સરળતા માટે વહીવટી સુધારા

- આંતરરાષ્ટ્રીય સ્તરે સંભવિત રોકાણકારો દેશના ડૂઇંગ ઓફ બિઝનેસ રિપોર્ટ (ડીબીઆર) રેન્કિંગ પર નજર નાંખશે
- સતત સુધારા માટેના પગલાં લેવાથી વિશ્વ બેંકના ડૂઇંગ બિઝનેસ રિપોર્ટમાં ભારતની પોઝિશન વર્ષ 2014માં 142થી સુધરીને વર્ષ 2019માં 63 થઈ
- એમાં મંજૂરીઓ અને પરમિટની છૂટ, સ્વપ્રમાણન અને થર્ડ પાર્ટી સર્ટિફિકેશન જેવા મુખ્ય પ્રવાહની પ્રક્રિયાઓ સામેલ છે.
- સરકાર મિલકતની સરળ નોંધણી, વાણિજ્યિક વિવાદોનું ઝડપી નિરાકરણ લાવવા અને વ્યવસાય કરવા માટે ભારતને સરળ દેશો પૈકીનો એક બનાવવા કરવેરાનું સરળ માળખું કરવામાં આવ્યું



# વેપારવાણિજ્યને સરળ કરવા માટે પ્રોત્સાહન આપવા તાજેતરમાં હાથ ધરવામાં આવેલા કોર્પોરેટ કાયદા સંબંધિત પગલાં

- વર્ષ 2018માં પ્રથમ તબક્કામાં કંપની કાયદાને બિનગુનાહિત અપરાધો બનાવવામાં આવ્યાં, 16 સંયુક્ત અપરાધોને ઇન-હાઉસ સમાધાન અને દંડની વ્યવસ્થા અંતર્ગત લાવવામાં આવ્યાં

- કંપનીની રચના કરવા માટે વેબ આધારિત સંકલિક ફોર્મ – કંપનીની ઇલેક્ટ્રોનિક રીતે રચના કરવા માટે સરળ ફોર્મ (સિમ્પ્લિફાઇડ પ્રોફોર્મા ફોર ઇન્કોર્પોરેટિંગ કંપની ઇલેક્ટ્રોનિકલી પ્લસ (SPICe +) પ્રસ્તુત કરવામાં આવી, જે એક ફોર્મ દ્વારા વિવિધ મંત્રાલયો અને રાજ્ય સરકારોની 10 સેવાઓ પૂરી પાડે છે

- સ્વતંત્ર ડાયરેક્ટર્સની ડેટા બેંક શરૂ કરવામાં આવી

- કંપની ધારા, 2013 અંતર્ગત 14,000થી વધારે કેસો પરત ખેંચવામાં આવ્યાં




# વેપારવાણિજ્યને સરળ કરવા માટે તાજેતરમાં હાથ ધરવામાં આવેલા કોર્પોરેટ કાયદા સંબંધિત પગલાં

- કોઈ પણ પાર્ટી સાથે નાણાકીય વ્યવહાર સાથે સંબંધિત જોગવાઈઓને તર્કબદ્ધ કરવામાં આવી
- કંપની ધારા, 2013ની વિવિધ જોગવાઈઓ અંતર્ગત નીતિનિયમોનું પાલન ઘટાડવા કોવિડ-19 દરમિયાન સમયસર પગલાં લેવામાં આવ્યાં, તેમજ કંપનીઓને બોર્ડની બેઠકો, ઇજીએમ અને એજીએમ યોજવાની સુવિધા આપવામાં આવી, ડિજિટલ ઇન્ડિયાનો ઉપયોગ કરીને રાઇટ્સ ઇશ્યૂ લાવવાની સુવિધા આપવામાં આવી
- નિરાકરણ થયેલા 221 કેસોમાં આઇબીસી, 2016ની શરૂઆતથી અત્યાર સુધી 44 ટકા રિકવરી હાંસલ કરવામાં આવી
  - રૂ. 4.13 લાખ કરોડની રકમના દાવા સ્વીકારવામાં આવ્યા
  - હાંસલ થયેલી રકમ રૂ. 1.84 લાખ કરોડ
- આઇબીસી અંતર્ગત કુલ રૂ. 5.01 લાખ કરોડ (અંદાજિત) સંકળાયેલી હોય એવા 13,566 કેસો 29 ફેબ્રુઆરી, 2020 સુધી આઇબીસીની જોગવાઈ અંતર્ગત સ્વીકારતા અગાઉ પરત ખેંચવામાં આવ્યાં



# ટેકનોલોજી સંચાલિત વ્યવસ્થા – કોવિડ દરમિયાન ઓનલાઇન શિક્ષણ

- સ્વયમ પ્રભા ડીટીએચ ચેનલો – જે ઇન્ટરનેટની સુલભતા ન ધરાવતા દરેક સુધી પહોંચી છે અને શિક્ષણ મેળવવામાં સહાય કરી છે. શાળા શિક્ષણ માટે 3 ચેનલો અંકિત કરવામાં આવી હતી, હવે એમાં 12 ચેનલોનો વધારો કરવામાં આવ્યો છે.
- સ્કાયપે દ્વારા ઘરેથી નિષ્ણાતો સાથે આ ચેનલો પર જીવંત આદાનપ્રદાન સેશનનું પ્રસારણ કરવાની જોગવાઈ
- ઉપરાંત ટાટા સ્કાય અને એરટેલ જેવા ખાનગી ડીટીએચ ઓપરેટર્સ સાથે જોડાણ, જેથી એર એજ્યુકેશન વીડિયો કન્ટેન્ટની પહોંચ આ ઓપરેટરોની ચેનલો દ્વારા વધુ લોકો સુધી વધી
- સ્વયમ પ્રભા ચેનલોની શિક્ષણ સંબંધિત સામગ્રીઓનું પ્રસારણ કરવા એર ટાઇમ (દરરોજ 4 કલાક) એર ટાઇમ વહેંચવા ભારતના રાજ્યો સાથે સંકલન સ્થાપિત કરવામાં આવ્યું
- 24 માર્ચથી અત્યાર સુધી દિક્ષા પ્લેટફોર્મને 61 કરોડની હિટ મળી
- ઇ-પાઠશાલામાં 200 નવા પાઠ્યપુસ્તકો ઉમેરવામાં આવ્યાં હતાં.





# સરકારી સુધારા અને તમામ સ્તરે વિકાસ માટેના પગલાં

सत्यमेव जयते
Goverment Of India



# રોજગારીને પ્રોત્સાહન આ પવા મનરેગા માટે ફાળવણીમાં રૂ. 40,000 કરોડનો વધારો

- હવે સરકાર મનરેગા હેઠળ વધુ રૂ. 40,000 કરોડની ફાળવણી કરશે
- કુલ આશરે 300 કરોડ માનવદિવસની રોજગારી પેદા કરવામાં મદદ કરશે
- ચોમાસાની સીઝનમાં વતન પરત ફરેલા પરપ્રાંતીય કામદારો સહિત લાયકાત ધરાવતા લોકો માટે કામ પૂરું પાડવાની જોગવાઈ કરી
- જળ સંરક્ષણ સુવિધાઓ સહિત ટકાઉ અને આજીવિકાના માધ્યમોનું મોટી સંખ્યામાં સર્જન
- ઊંચી ઉત્પાદકતા દ્વારા ગ્રામીણ અર્થતંત્રને પ્રોત્સાહન આપશે.



# આરોગ્યલક્ષી સુધારા અને પહેલો

જાહેર આરોગ્યમાં રોકાણમાં વધારો–

- આરોગ્ય પર સરકારી ખર્ચમાં વધારો કરવામાં આવશે.
- પાયાના સ્તરે આરોગ્ય સંસ્થાઓમાં રોકાણ
    - ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં આરોગ્ય અને સુખાકારી કેન્દ્રોની સંખ્યામાં વધારો થશે


ભવિષ્યમાં કોઈ પણ રોગચાળા માટે ભારતને સજ્જ કરશે –

- ચેપી રોગચાળોથી અસરગ્રસ્ત હોસ્પિટલ ધરાવતા તાલુકા – તમામ જિલ્લા
- પ્રયોગશાળાના નેટવર્ક અને સર્વેલન્સની કામગીરીને મજબૂત કરવામાં આવી –
    - તમામ જિલ્લાઓ અને તાલુકા સ્તરે સંપૂર્ણ જાહેર સ્વાસ્થ્ય પ્રયોગશાળા તથા જાહેર આરોગ્ય એકમ, જેથી રોગચાળાને નિયંત્રણમાં રાખી શકાય.
- સંશોધનને પ્રોત્સાહન– આઇસીએમઆર દ્વારા વન હેલ્થ માટે રાષ્ટ્રીય સંસ્થાગત મંચ
- રાષ્ટ્રીય ડિજિટલ હેલ્થ મિશન: રાષ્ટ્રીય ડિજિટલ હેલ્થ બ્લૂપ્રિન્ટનો અમલ



# કોવિડ પછી ભાગીદારી ધરાવતું ટેકનોલોજી સંચાલિત શિક્ષણ

- પીએમ ઇવિદ્યા – ડિજિટલ/ઓનલાઇન શિક્ષણની વિવિધ માધ્યમો થકી સુલભતા માટેનો કાર્યક્રમ તાત્કાલિક શરૂ કરવામાં આવશે, જેમાં નીચેની બાબતો સામેલ હશેઃ
    - રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં શાળા શિક્ષણ માટે દિક્ષાઃ તમામ ધારણો માટે ઇ-સામગ્રી અને ક્યુઆર કોડ ધરાવતી એનર્જાઇઝ ટેક્સ્ટબુક (વન નેશન, વન ડિજિટલ પ્લેટફોર્મ)
    - ધોરણ 1થી 12 સુધી વર્ગદીઠ એક અંકિત કરેલી ટીવી ચેનલ (વન ક્લાસ, વન ચેનલ)
    - રેડિયો, કમ્યુનિટી રેડિયો અને પોડકાસ્ટનો વિસ્તૃત ઉપયોગ
    - દ્રષ્ટિ અને સાંભળવા સાથે સંબંધિત ખામી ધરાવતા લોકો માટે વિશેષ ઇ-કન્ટેન્ટ
    - ટોચની 100 યુનિવર્સિટીઓને 30 મે, 2020 સુધી ઓનલાઇન અભ્યાસક્રમો ઓટોમેટિક શરૂ કરવાની મંજૂરી આપવામાં આવશે.
- મનોદર્પણ –વિદ્યાર્થીઓ, શિક્ષકો અને પરિવારોને માનસિક સ્વાસ્થ્ય અને ભાવનાત્મક સંતુલન માટે માનસિક ટેકા માટેની પહેલ તાત્કાલિક શરૂ કરવામાં આવશે.
- શાળા, બાલમંદિર અને શિક્ષકો નવો રાષ્ટ્રીય અભ્યાસક્રમ અને શિક્ષણની પદ્ધતિઓ માટેનું માળખું ઊભું કરવામાં આવશેઃ જે આંતરરાષ્ટ્રીય અને 21મી સદીની કુશળતા માટેની જરૂરિયાત સાથે સંકલિત હશે
- દરેક બાળક વર્ષ 2025 સુધીમાં 5 ધોરણ સુધીનાં શિક્ષણનું સ્તર હાંસલ કરે અને એના પરિણામો મેળવે એ માટે ડિસેમ્બર, 2020 સુધીમાં નેશનલ ફાઉન્ડેશનલ લિટરસી એન્ડ ન્યૂમરસી મિશન શરૂ કરવામાં આવશે.



# આઇબીસી સંબંધિત પગલાં દ્વારા વેપારવાણિજ્યને વધુ સરળ કરવામાં આવશે

सत्यमेव जयते
Goverment Of India

- નાદારીની પ્રક્રિયા શરૂ કરવા માટે લઘુતમ રકમ વધારીને રૂ. 1 કરોડ કરવામાં આવી (જે રૂ. 1 લાખ હતી, જેનાથી મોટા ભાગના એમએસએમઈને રક્ષણ મળશે).
- ટૂંક સમયમાં જાહેર થનાર આચારસંહિતાની કલમ 240એ અંતર્ગત એમએસએમઈ માટે વિશેષ નાદારી સમાધાન માળખું
- રોગચાળાની સ્થિતિને આધારે એક વર્ષ સુધી નાદારીની પ્રક્રિયા નવેસરથી શરૂ કરવામાં નહીં આવે.
- નાદારીની પ્રક્રિયાને વેગ આપવાના ઉદ્દેશ માટે આચારસંહિતા હેઠળ "ડિફોલ્ટ"ની પરિભાષામાં કોવિડ-19 સંબંધિત ઋણને બાદ કરવા કેન્દ્ર સરકારને અધિકાર આપવામાં આવ્યો.

# કંપની ધારામાં ડિફ્રોલ્ટિંગનું બિનગુનાહિતકરણ

Goverment Of India

- આંશિક ટેકનિકલ અને પ્રક્રિયાગત ચૂક સંકળાયેલી હોય એવા ઉલ્લંખનનું બિનગુનાહિતકરણ કરવા કંપની ધારામાં સુધારો (જેમ કે સીએસઆર રિપોર્ટિંગમાં ખામી, બોર્ડના રિપોર્ટની અપર્યાપ્તતા, ડિફોલ્ટ ફાઇલ કરવા, એજીએમ યોજવામાં વિલંબ).
- મોટા ભાગનાં કુલ અપરાધોની જોગવાઈઓને આંતરિક નિર્ણય વ્યવસ્થા (આઇએએમ)માં લઈ જવામાં આવશે અને કુલ જોગવાઈઓ માટે આરડીનો અધિકારો (અગાઉ 18ની સરખામણીમાં હવે આઇએએમ અંતર્ગત 58 કલમો)
- આ સુધારા અપરાધિક અદાલતો અને એનસીએલટીમાં કેસોની સંખ્યામાં ઘટાડો કરશે
- કુલ 7 આરોપોને પડતા મૂકવામાં આવ્યાં અને 5નું સમાધાન વૈકલ્પિક માળખા હેઠળ કરવામાં આવશે

# કોર્પોરેટ માટે વેપારવાણિજ્યની સરળતા

- વેપારવાણિજ્ય શરૂ કરવામાં રેન્કિંગમાં સુધારો અને નાદારી માટેના સંશોધિત નિયમોને પગલે વેપારવાણિજ્ય સરળ કરવામાં ભારતના રેન્કિંગમાં સંપૂર્ણ સુધારો થયો.
- મુખ્ય સુધારામાં નીચેની બાબતો સામેલ છે -
  - મંજૂર વિદેશી કાર્યક્ષેત્રોમાં ભારતની સરકારી કંપનીઓ દ્વારા સીક્યોરિટીઝનું સીધું લિસ્ટિંગ
  - શેરબજારો પર એનસીડી તરીકે લિસ્ટિંગ થયેલી ખાનગી કંપનીઓને લિસ્ટેડ કંપની ગણવામાં નહીં આવે
  - કંપની ધારા, 2013માં કંપની ધારા, 1956ના ભાગ IXA (ઉત્પાદક કંપનીઓ)ની જોગવાઈઓ સામેલ છે.
  - વધારાની/વિશેષ પીઠિકાઓને ઊભી કરવાનો એનસીએલએટીને અધિકાર
  - નાની કંપનીઓ, વન-પર્સન કંપનીઓ, ઉત્પાદક કંપનીઓ અને સ્ટાર્ટ અપ્સ માટે તમામ ડિફોલ્ટ માટે ઓછો દંડ.



# નવા, સ્વનિર્ભર ભારત માટે જાહેર ક્ષેત્રના ઉદ્યોગસાહસની નીતિ

Goverment Of India

- છેલ્લાં થોડાં દાયકામાં ભારત અને દુનિયાની સ્થિતિ બદલાઈ છે
- નવી સાનુકૂળ નીતિ માટેની જરૂરિયાત – જેમાં તમામ ક્ષેત્રો ખાનગી ક્ષેત્ર માટે ખુલ્લાં હોય, ત્યારે સરકારી કંપનીઓ (પીએસઈ) નિર્ધારિત ક્ષેત્રોમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.
- એ મુજબ, સરકાર નવી નીતિની જાહેરાત કરશે, જેમાં
    - જાહેર હિતમાં પીએસઇની હાજરી ધરાવતા વ્યૂહાત્મક ક્ષેત્રોની યાદી જાહેર કરવામાં આવશે
    - વ્યૂહાત્મક ક્ષેત્રોમાં સરકારી ક્ષેત્રમાં ઓછામાં ઓછી એક કંપની કાર્યરત રહશે, પણ ખાનગી ક્ષેત્રને મંજૂરી આપવામાં આવશે
    - અન્ય ક્ષેત્રોમાં પીએસઈનું ખાનગીકરણ કરવામાં આવશે (વ્યવહારિકતાના ધોરણે સમય નિર્ધારિત  કરવામાં આવશે વગેરે)
    - વહીવટી કામગીરી પાછળ બિનજરૂરી ખર્ચને લઘુતમ કરવા વ્યૂહાત્મક ક્ષેત્રોમાં ઉદ્યોગસાહસોની સંખ્યા સામાન્ય રીતે એકથી ચાર રહેશે, અન્ય ક્ષેત્રોનું ખાનગીકરણ/વિલિનીકરણ કરવામાં આવશે/હોલ્ડિંગ કંપનીઓ હેઠળ ખરીદવામાં આવશે

# રાજ્ય સરકારોને કરવામાં આવેલી મદદ

सत्यमेव जयते
Goverment Of India

- રાજ્ય સરકારોની જેમ કેન્દ્ર સરકારની આવકમાં મોટો ઘટાડો થયો છે
- તેમ છતાં કેન્દ્ર સરકારે હાલ જરૂરિયાતના સમયમાં રાજ્યોને ઉદાર હાથે સતત વધુને વધુ સહાય કરી છે
    - જો બજેટ અંદાજો સાચા હતા, તો એપ્રિલમાં કરવેરાની સંપૂર્ણ આવક (રૂ. 46,038 કરોડ) હસ્તાંતરિત કરવામાં આવી, વાસ્તવિક આવક બજેટના અંદાજોમાંથી અભૂતપૂર્વ રીતે ઘટી હોવા છતાં
    - કેન્દ્ર સરકારના સંસાધનો ટાંચા હોવા છતાં એપ્રિલ અને મે મહિનાઓમાં રાજ્યોને આવકની ખાધમાં સહાય (રૂ. 12,390 કરોડ)ની સમયસર કરવામાં આવી
    - એપ્રિલના પ્રથમ અઠવાડિયામાં એસડીઆરએફ (રૂ. 11,092 કરોડ) અગાઉથી આપવામાં આવ્યું
    - સીધી કોવિડ-વિરોધી કામગીરી માટે આરોગ્ય મંત્રાલય પાસેથી રૂ. 4,113 કરોડની મદદ આપવામાં આવી
    - કેન્દ્ર સરકારની વિનંતી પર આરબીઆઈએ નીચેની મર્યાદાઓમાં વધારો કર્યો
        - રાજ્યોની ધિરાણ મર્યાદાની પદ્ધતિઓ અને માધ્યમોમાં 60 ટકા સુધીનો વધારો
        - રાજ્ય સતત ઓવરડ્રાફ્ટ 14 દિવસને બદલે હવે 21 દિવસ લઈ શકશે.
        - કોઈ પણ ત્રિમાસિક ગાળામાં રાજ્ય ઓવરડ્રાફ્ટ 32 દિવસને બદલે હવે 50 દિવસ માટે લઈ શકશે.

રાજ્ય સરકારોને ટેકો

- 3 ટકાની કુલ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ (એસજીડીપી)ના આધારે રાજ્યોની વર્ષ 2020-21 માટે ચોખ્ખા ઋણની ટાંચમર્યાદા રૂ. 6.41 લાખ કરોડ છે
- એમાંથી 75 ટકા માટે માર્ચ, 2020માં અધિકૃત કરવામાં આવી હતી અને રાજ્ય સરકારો પાસે હજુ સમય છે
- અત્યાર સુધી રાજ્ય સરકારોએ અધિકૃત મર્યાદાના ફક્ત 14 ટકા હિસ્સાનું ઋણ લીધું છે. 86 ટકા અધિકૃત ઋણનો ઉપયોગ હજુ સુધી થયો નથી.
- તેમ છતાં રાજ્યો સરકારો વર્ષ 2020માં તેમની એસજીડીપીની 5 ટકા રકમનું ઋણ લઈ શકે છે, આ મર્યાદા હાલ 3 ટકા છે
- અભૂતપૂર્વ સ્થિતિને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે વર્ષ 2020-21 માટે જ રાજ્યોની ઋણ મર્યાદા વધારવાની વિનંતી માન્ય રાખવાનો નિર્ણય લીધો છે અને ઋણ લેવાની મર્યાદા 3 ટકાથી વધારીને 5 ટકા કરી છે.
- એનાથી રાજ્યોને  રૂ. 4.28 લાખ કરોડના વધારાના સંસાધનો મળશે.

# રાજ્ય સરકારોને ટેકો અને પ્રાદેશિક સ્તરના સુધારાને પ્રોત્સાહન

सत्यमेव जयते
Goverment Of India

- ઋણનો કેટલોક ભાગ ચોક્કસ સુધારા સાથે જોડાયેલો હશે (નાણાં પંચની ભલામણો સહિત) જે નીચેની બાબતો સાથે સંબંધિત છેઃ
  - ભવિષ્યમાં જીએસડીપી ઊંચી વૃદ્ધિ અને નીચી ખાધ દ્વારા વધારાના ઋણની સ્થિરતા સુનિશ્ચિત કરવી;
  - પરપ્રાંતીયોના કલ્યાણને પ્રોત્સાહન અને ખાદ્ય વિતરણમાં ભ્રષ્ટાચારમાં ઘટાડો,
  - રોકાણ દ્વારા રોજગારીના સર્જનમાં વધારો
  - જ્યારે ખેડૂતોના હિતો જાળવ્યાં, ત્યારે વીજ ક્ષેત્રને સ્થિરતા આપી, તથા
  - શહેરી વિકાસ, આરોગ્ય અને સ્વચ્છતાને પ્રોત્સાહન
- સુધારા ચાર ક્ષેત્રો સાથે જોડાયેલા હશેઃ 'વન નેશન, વન રેશન કાર્ડ'નું સાર્વત્રિકરણ, વેપારવાણિજ્ય કરવાની સરળતા, વીજ વિતરણ અને શહેરી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની આવક
- ખર્ચ વિભાગ દ્વારા નીચેની પેટર્ન પર ચોક્કસ યોજના જાહેર થશેઃ
  - 0.50 ટકાનો બિનશરતી વધારો
  - 0.25 ટકા-0.25 ટકાના 4 હપ્તામાં 1 ટકા, દરેક હપ્તામાં ચોક્કસ, માપી શકાય એવા અને સ્પષ્ટપણે વ્યવહારિક સુધારાલક્ષી કાર્યો સાથે જોડાયેલા પગલાં
  - ઉપરાંત જો સુધારાનાં ચાર ક્ષેત્રોમાંથી ઓછામાં ઓછા ત્રણ હાંસલ થાય તો, વધુ 0.50 ટકાનો ટેકો

Goverment Of India

# અગાઉના પગલાઓથી પ્રોત્સાહન

| ક્રમ | પગલાં | રૂ. કરોડમાં |
|---|---|---|
| 1. | 22 માર્ચ, 2020થી કરવેરામાં છૂટછાટને કારણે ગુમાવેલી આવક | 7,800 |
| 2. | પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના (પીએમજીકેપી) | 1,70,000 |
| 3. | આરોગ્ય ક્ષેત્ર માટે પ્રધાનમંત્રીની જાહેરાત | 15,000 |
| | કુલ | **1,92,800** |

सत्यमेव जयते
Goverment Of India

## ભાગ-1માં જાહેર થયેલું પ્રોત્સાહન

| ક્રમ | આઇટમ | (રૂ. કરોડમાં) |
|---|---|---|
| 1 | એમએસએમઈ સહિત વ્યવસાયો માટે ઇમરજન્સીમાં કાર્યકારી મૂડીની સુવિધા | **3,00,000** |
| 2 | નાણાકીય ખેંચ અનુભવતા એમએસએમઈનું ઋણ | **20,000** |
| 3 | એમએસએમઈ માટે ફંડ ઓફ ફંડ્સ | **50,000** |
| 4. | વ્યવસાય અને કામદારો માટે ઇપીએફનો ટેકો | **2800** |
| 5. | ઇપીએફ દરમાં ઘટાડો કરવાથી સહાય | **6750** |
| 6. | એનબીએફસી/એચએફસી/એમએફઆઈ માટે વિશેષ લિક્વિડિટી યોજના | **30,000** |
| 7. | એનબીએફસી/એમએફઆઈની જવાબદારીઓ માટે આંશિક ધિરાણ ગેરેન્ટી યોજના 2.0 | **45,000** |
| 8. | વીજવિતરણ કંપની માટે નાણાકીય પ્રવાહિતતા વધારવા માટેની સહાય | **90,000** |
| 9. | ટીડીએસ/ટીસીએસમાં ઘટાડો | **50,000** |
| | કુલ પેટા | **5,94,550** |

ભાગ-2માં જાહેર થયેલું પ્રોત્સાહન

सत्यमेव जयते
Goverment Of India

| ક્રમ | આઇટમ | (રૂ. કરોડમાં) |
|---|---|---|
| 1. | 2 મહિના માટે પરપ્રાંતીય કામદારોને નિઃશુલ્ક અનાજનો પુરવઠો | 3500 |
| 2. | મુદ્રા શિશુ લોનધારકો માટે વ્યાજમાં સહાય | 1500 |
| 3 | ફેરિયાઓને વિશેષ ધિરાણ સુવિધા | 5000 |
| 4 | સીએલએસએસ-એમઆઇજીને હાઉસિંગમાં સહાય | 70,000 |
| 5 | નાબાર્ડ દ્વારા વધારાની તાત્કાલિક કાર્યકારી મૂડી | 30,000 |
| 6 | કેસીસી દ્વારા વધારાનું ધિરાણ | 2,00,000 |
| | કુલ પેટા | **3,10,000** |

ભાગ-૩માં જાહેર થયેલું પ્રોત્સાહન

Government Of India

| ક્રમ | આઇટમ | (રૂ. કરોડમાં) |
|---|---|---|
| 1. | સૂક્ષ્મ ખાદ્ય ઉદ્યોગસાહસો | **10,000** |
| 2. | પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના | **20,000** |
| 3. | ટોપથી ટોટલઃ ઓપરેશન ગ્રીન | **500** |
| 4. | કૃષિ માળખાગત ભંડોળ | **1,00,000** |
| 5. | પશુપાલન માળખાગત વિકાસ ભંડોળ | **15,000** |
| 6 | હર્બલ ખેતીને પ્રોત્સાહન | **4,000** |
| 7 | મધુમાખી ઉછેરની પહેલ | **500** |
| | કુલ પેટા | **1,50,000** |

सत्यमेव जयते
Goverment Of India

## ભાગ-4 અને ભાગ-5માં જાહેર થયેલું કુલ પ્રોત્સાહન

| ક્રમ | આઇટમ | (રૂ. કરોડમાં) |
|---|---|---|
| 1 | વાયાબિલિટી ગેપ ફંડિંગ | **8,100** |
| 2 | મનરેગા અંતર્ગત વધારાની ફાળવણી | **40,000** |
| | કુલ પેટા | **48,100** |

# આત્મનિર્ભર પેકેજ દ્વારા પ્રદાન કરવામાં આવેલું સંપૂર્ણ પ્રોત્સાહન

सत्यमेव जयते
Goverment Of India

| ક્રમ | આઇટમ | | (રૂ. કરોડમાં) |
|---|---|---|---|
| 1 | ભાગ 1 | | 5,94,550 |
| 2 | ભાગ 2 | | 3,10,000 |
| 3 | ભાગ 3 | | 1,50,000 |
| 4 | ભાગ 4 અને ભાગ 5 | | 48,100 |
| | કુલ પેટા | | **11,02,650** |
| 5 | પીએમજીકેપી સહિત અગાઉનાં પગલાં | (અગાઉનો હિસ્સો) | 1,92,800 |
| 6 | આરબીઆઈનાં પગલાં (વાસ્તવિક) | | 8,01,603 |
| | | કુલ પેટા | **9,94,403** |
| | | કુલ | **20,97,053** |

सत्यमेव जयते
Goverment Of India

# આભાર